## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સાફલ્યનાં સાચાં મોતી રોજ ચૂગે, નૂતનવર્ષ !*
*નવી આશા ને ઉમંગ સાથે ઉગે નૂતનવર્ષ*
*તંદુરસ્તી ને ઐશ્વર્ય લાવી પુગે નૂતનવર્ષ !*
*વિશ્વશાંતિનો ધ્વજ ફરકે યુગે નૂતનવર્ષ...*
*(નૂતનવર્ષનાં સૌને શુભેચ્છા - વંદન)*

### હાઈકુ

*ચીર આયુષ્ય*
*મળે મનની શાંતિ -*
*એ જ શુભેચ્છા...*

*સ્નેહ-વાત્સલ્ય -*
*વર્ષા હજુ પણ -*
*ભીંજવે સૌને...*

### ચિંતન

**અહો ચિન્માત્રમ્ એવ અહમ્ ઈન્દ્રજાલોપમ જગત્ ।**
**અતો મમકથં કુત્ર હેયોપાદેય કલ્પના ॥**

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

અહો, હું તો ચિન્માત્ર છું, ચૈતન્યસ્વરુપ છું, જયારે જગત તો ઈન્દ્રજાળ જેવું છે, તેથી મારે ત્યાગ અને સ્વીકારની કલ્પના કયા અને કેવી રીતે હોઈ શકે ?

હું આત્મસ્વરુપ જ છું, તો પછી મારે ત્યાગ, સ્વીકાર કે મોક્ષ, રહેતો જ નથી. અહીં સ્પષ્ટ કહેવાયું છે કે હું તો ચૈતન્યસ્વરુપ છું, ત્યાં મારે માટે ત્યાગ કે સ્વીકાર જેવું રહ્યું જ કયાં ? જે કંઈ બની રહ્યું છે. તે પ્રકૃતિ મુજબ, સહજ રીતે બની રહ્યું છે અને તે બરોબર જ છે. આપણે તેમાં પસંદ-નાપસંદ કરવાનું કંઈ રહેતું જ નથી.

જેને આત્મસ્વરુપનું જ્ઞાન થઈ ગયું છે, આત્માનુભૂતિ થઈ છે, એ જગતને ઈન્દ્રધનુષની જેમ દૂરથી અનેકરંગી જોયા કરે છે, અને જાણતો હોય છે કે આમાં કાંઈ જ હાથમાં આવે તેવું નથી. વિચાર નથી તો મન નથી જો મન નથી તો ત્યાગ - સ્વીકાર કયાં રહ્યાં ? કોઈ દ્વંદ્વ કયાં રહ્યું, દ્વૈતભાવ જ ત્યાં રહેતો નથી.

### સુવિચાર

- જયાં સ્પર્ધા ત્યાં સંસાર અને સ્પર્ધા ના હોય ત્યાં 'જ્ઞાન' - **આપ્તસૂત્ર**
- મન ઉપર માનવીનો કાબૂ એટલે વિકાસ, માનવી ઉપર મનનો કાબૂ એટલે વિનાશ - **પ્રેમચંદજી**
- તપાસમાંથી માત્ર ખામીઓ જ બહાર આવે છે, સત્ય નહીં - **જનકલ્યાણ**
- તમારો પાળેલો કૂતરો તમને નહીં જ કરડે એવી ભ્રમણામાં રહેશો નહીં, કરડવું કૂતરાની ગળથૂથીમાં છે - **થોમસ હક્સલે**
- પોતાના જ ઉદાહરણથી રાહ બતાવો એનું નામ નેતૃત્વ - **ગીતા**
- કાર્યપદ્ધતિ તમને સમય-કાળ પર જીત મેળવતાં શીખવશે - **સ્ટીફન કોવી**
- આજનું ઔષધ : લસણને વાટી, ગાયનાં ઘી સાથે મેળવી રોજ ખાવાથી ક્ષણરોગમાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સ્પોર્ટસ એકેડમીમાં ટૂંકા અંતરની દોડ માટે એથ્લેટીક્સને માટે નવા કોચ આવ્યા. નવા કોચ તેમની અનોખી ટ્રેનિંગ અને કડક શિસ્ત માટે જાણીતા હતા. કોચે પહેલાં દિવસથી જ કડક વલણ અને શિસ્ત ઉપર અમલ કરવાની શરુઆત કરી દીધી. અમુક દોડવીરો થોડા જ દિવસોમાં કડક તાલીમથી કંટાળી ગયા હતા. પણ કોચ ચૂપચાપ કોઈ સફાઈ આપ્યા વગર પોતાના કામને નિષ્ઠાપૂર્વક નિભાવવા લાગ્યા. જેમ જેમ હરિફાઈનો દિવસ નજીક આવતો જાય તેમ કોચની ટ્રેનિંગ અઘરી થતી ગઈ. કોઈને પગમાં બે કિલો રેતીની થેલી ભરાવીને દોડાવતા. તો કોઈને કમર પર વજન ઉપાડીને કસરત કરાવતા. દોડવીરોના પગ છોલાઈ ગયા. લોહી નીકળી જાય ત્યાં સુધી દોડાવતા. કડક ટ્રેનિંગનું ફળ મળ્યું અને એકેડમીના ઘણા દોડવીરો નેશનલ લેવલની સ્પર્ધા માટે સિલેક્ટ થયા. સૌ શિષ્યોએ કોચનો આભાર માન્યો. સારાંશ એ જ કે કોચ જેટલા કડક, પરિણામ એટલું જ સારું આવે છે. ભગવાન પણ આપણા લાઈફ કોચ છે. આપણા જીવનમાં અઘરી જે તકલીફો આપે છે તે આપણા વિકાસને અટકાવવા માટે નહિ, પણ આપણામાં છુપાયેલી શક્તિઓને બહાર કાઢવા માટે હોય છે.

# શુભ મંગલ હો, શુભ મંગલ હો

સંવત ૨૦૭૫ની વિદાય અને ૨૦૭૬ના નવા વર્ષનો પ્રારંભ ! સમયનો રથ સતત આગળ ધપતો જાય છે. નવું વરસ નવી આશાઓ અને અરમાનોનો થાળ લઈને આવ્યું છે. દેશ અને દુનિયામાં અણધાર્યા પરિવર્તનો આવી ચૂક્યાં છે. માનવીએ લાંબી હરણફાળ ભરી છે. હવે એને માત્ર પૃથ્વી પર કબજો જમાવીને બેસી રહેવામાં રસ નથી. એણે અંતરિક્ષ વિજય માટેની ચડાઈ શરૂ કરી દીધી છે. વિશ્વનાં વિકસિત રાષ્ટ્રોની પંગતમાં ભારત પણ પાછળ નથી રહ્યું - એનું આપણે જરૂર ગૌરવ લઈ શકીએ. મંગળ પર સફળ ઉતરાણ પછી ચંદ્રયાન-૨ની આંશિક નિષ્ફળતા છતાં આપણા અંતરિક્ષ વૈજ્ઞાનિકો એ દિશામાં વિશ્વનાં અન્ય સમૃદ્ધ રાષ્ટ્રોની લગોલગ પ્રગતિ સાધવા કૃતસંકલ્પ છે. એક તરફ આપણી નજર અંતરિક્ષનાં ઊંડાણો તાગે છે તો બીજી તરફ આપણા પગ ધરતી પર છે. ઘરઆંગણે સ્વચ્છતા મિશન-ખુલ્લામાં શૌચથી મુક્તિના અભિયાનની સફળતા પછી 'નળથી જળ' નો શુભ સંકલ્પ એ કલ્યાણરાજની દિશાનું સાચું પગલું છે. આજે રાષ્ટ્રને ગાંધીચીંધ્યા રચનાત્મક કાર્યક્રમો ભણી વાળવાનું શ્રેય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જાય છે તો એ તમામ કાર્યક્રમોનો નિર્ધારિત મુદ્દત પૂર્વે જ અમલ કરવાનું શ્રેય ગુજરાત સરકારને આપવું જ રહ્યું.

**તંત્રીસ્થાનેથી...**

નળથી જળ યોજના દ્વારા દેશનાં ઘેર ઘેર ૨૦૨૪ સુધીમાં પીવાનું પાણી પહોંચાડવાનો લક્ષ્યાંક છે જે ગુજરાત રાજય બે વર્ષ વહેલો સંપન્ન કરવા કૃતસંકલ્પ છે. આર્થિક મંદીના પડકારોને પહોંચી વળવાની અંતર્નિહિત ક્ષમતા ભારતીય જીવનશૈલીમાં અનુસ્યૂત છે. એટલે કદાચ વૃદ્ધિદર ઘટે તો પણ આપણે એ સંકટ હેમખેમ પાર પાડી વિશ્વના સૌથી વધુ ઝડપે વિકસિત રહેલા રાષ્ટ્ર તરીકેનું સ્થાન જાળવી રાખવામાં સફળ થઈશું એવું ખુદ યુનોનાં ધુરંધરો માને છે. એક સમયના વિશ્વગુરુનું સ્થાન પુનઃ પ્રાપ્ત કરવા ઉદ્યુક્ત ભારતવર્ષને ૨૦૭૬નું વર્ષ ફળો એવી પ્રાર્થના કરીએ. ગાંધી સાર્ધ શતાબ્દીના આ વર્ષ દરમિયાન આપણે રાષ્ટ્રપિતાના 'ગ્રામસ્વરાજ' અને 'રામરાજ્ય'ની કલ્પનાને સાકાર કરીશું - એવો દૃઢ સંકલ્પ કરીએ. ગુજરાત નસીબદાર છે કે આજે કેન્દ્રમાં નરેન્દ્રભાઈ અને અમિત શાહ જેવા બે ધુરંધર નેતાઓના હાથમાં રાષ્ટ્રનું સુકાન છે. કદાચ ગુજરાતના જ નેતાઓની એ તાકાત હતી કે કાશ્મીરના અલગ દરજ્જા સામે પડકાર ઊભો કરી એ પૃથ્વી ઉપરના સ્વર્ગને નરકમાં ફેરવી ચૂકેલા આતંકવાદીઓના સકંજામાંથી મુક્ત કરાવી શકે ! નવા વરસના મંગલ પ્રભાતે સૌને અંતઃકરણના અભિનંદન, સાલ મુબારક!

# મફત ન્યાય મેળવવો એ બંધારણીય અધિકાર છે

**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

- **બંધારણની કલમ ૩૯૮(અ) દેશના ગરીબ અને પછાત લોકોને મફત કાનુની મદદ પુરી પાડવાની જોગવાઈ કરવામાં આવી છે**
- **સરકાર પાસેથી મફત વકિલની સહાય મેળવવીએ નાગરિકોનો અધિકાર છે.**

ભારતના બંધારણના આમુખમાં જણાવ્યા મુજબ ભારતના તમામ નાગરિકોની સામાજીક અને આર્થીક ન્યાયની વાત કરવામાં આવી છે. ભારતનું બંધારણ ન્યાય ઉપર ખાસ ભાર મુકે છે માટે તમામ વર્ગના લોકોને ન્યાય પાલીકા દ્વારા સમાન સેવા ઉપલબ્ધ કરાવી શકાય એટલા માટે બંધારણની કલમ ૩૯૮(અ) દેશના ગરીબ અને પછાતના લોકોને મફત કાનુની મદદ પુરી પાડવાની જોગવાઈ કરવામાં આવી છે. મફત કાનુની મદદ એટલે તહોમદાર અથવા અરજદારને મફત વકિલની સહાય ઉપલબ્ધ કરાવવી.

ભારતમાં લાખો લોકો જેલમાં બંધ છે, જેમના ઉપર કેસો ચાલે છે. મોટાભાગના લોકો ગરીબ અને અશિક્ષીત હોય તેમની પાસે સારા મોટા વકિલ રોકવાની તાકાત હોતી નથી તથા તેમને પોતાના કાયદાકિય અધિકારની પણ જાત માહિતી હોતી નથી આથી આવા લોકોને તેમના અધિકારોની જાણકારી માટે કાર્તિ વિરૂધ્ધ બિહાર રાજયના કેસમાં સુપ્રિમ કોર્ટે આદેશ આપ્યો હતો કે કોઈપણ વ્યક્તિ આર્થીક પછાત ગરીબ કે અસક્ષમ વ્યક્તિને ન્યાયાધીશ સમક્ષ રજુ કરવામાં આવે ત્યારે ન્યાયાધીશે એ ખાતરી કરી લેવી કે વ્યક્તિને મફત કાયદાકિય મદદ પુરી પાડવામાં આવી છે કે નહિ? અને જો મદદ પુરી પાડવામાં ના આવી હોય તો વ્યવસ્થા કરવામાં આવે અને તેનો ખર્ચ રાજય સરકાર ભોગવે.

ભારતના સંસદ દ્વારા ૧૯૮૭ માં કાનુની સેવા સત્તા અધિનિયમ ૧૯૮૭ નો કાયદો બનાવવામાં આવ્યો હતો જેમાં સુધારાવધારા કરી નવો કાયદો ૧૯૯૫ માં બનાવી સમગ્ર દેશમાં સમાન રીતે લાગુ કરવામાં આવેલ છે. આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ દેશમાં તમામને સમાન ન્યાય મળે તે છે. સમાજનો કોઈપણ વ્યક્તિ ન્યાયથી વંચીત ન રહી જાય એ માટે રાષ્ટ્રીય કક્ષાએ, રાજય કક્ષાએ અને જીલ્લા કક્ષાએ કાનુની સેવા સત્તા મંડળની રચના કરવામાં આવી છે.

વાદી અથવા પ્રતિવાદીનો કેસ સુપ્રિમ કોર્ટમાં ચાલુ હોય તો વ્યક્તિ રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળમાં અથવા સુપ્રિમ કોર્ટની કાનુની સહાય સમીતીમાં જઈને કાયદાકિય મદદ પ્રાપ્ત કરી શકે છે. જો વ્યક્તિનો કેસ કોઈપણ રાજયની હાઈકોર્ટમાં ચાલતો હોય તો તે વ્યક્તિ હાઈકોર્ટની કાનુની સહાય સમીતીમાં જઈને અથવા રાજય કાનુની સેવા સત્તા મંડળની મદદ મેળવી શકે છે. જો વ્યક્તિનો કેસ દિવાની અદાલતમાં કે ફેમીલી કોર્ટમાં ચાલતો હોય કે મજુર અદાલતમાં ચાલતો હોય તો પણ કાનુની સહાય સમીતીમાં જઈને મફત વકિલની મદદ માંગી શકે છે.

અનુસૂચિત જાતિ / જનજાતિ, મહિલાઓ અથવા બાળકો, માનવ તસ્કરીનો ભોગ બનનાર, સામુહિક આપત્તિ જેવી કે પુર, દુષ્કાળ, ભુકંપ વિગેરેનો ભોગ બનનાર વ્યક્તિ, જાતિય હિંસાથી વિક્ષીત વ્યક્તિ, વર્ગ વિશેષ અત્યાચારનો ભોગ બનનાર વ્યક્તિ, અલ્પ સંખ્યક, વિકલાંગ વ્યક્તિ ઔદ્યોગીક કામદાર, જે વ્યક્તિની વાર્ષિક આવક એક લાખ કરતા ઓછી હોય તેવી વ્યક્તિઓ પોતાની નજીકના કાનુની સહાયના સત્તા મંડળને પત્ર લખીને અથવા ફોર્મ ભરીને વકિલની મફત સેવા મેળવવા અરજી કરી શકે છે, જો વ્યક્તિ નિશિક્ષક હોય તો મૌખીકમાં પણ રજુઆત કરી શકે છે અને ત્યાં હાજર કર્મચારી તેની વિગત લખી લેશે. સુપ્રિમ કોર્ટના શિલા વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય કેસમાં કોર્ટે જણાવ્યું કે પોલીસ કોઈપણ વ્યક્તિની ધરપકડ કરે તુરંત બાદ પોલીસની ફરજ છે કે નજીકના કાનુની સહાય મંડળને જાણ કરવામાં આવે જેથી વ્યક્તિને તરત જ મફત કાનુની સહાય પુરી પાડી શકાય.

કાનુની સહાય મેળવવાની અરજમાં સોગંદનામું, આવકનો દાખલો, આધાર કાર્ડ વિગેરે જોડી કેસની ટુંકી વિગત લખી કેસને લગતા કાગળો જોડી ફોર્મ ભરી મફત કાનુની સહાય કેન્દ્રમાંથી ફાળવેલ વકિલ તેનો કેસ લડવા મેળવી શકે છે કેસને લગતા પુરાવા તેને કોર્ટમાંથી મફત આપવામાં આવે છે.

કોર્ટમાંથી વકિલની નિયુકતી કરી આપવામાં આવશે, કોર્ટ કાર્યવાહીનો તમામ ખર્ચ કોર્ટ ફી, સ્ટેમ્પ ટીકીટ, કાગળો વિગેરે મફત આપવામાં આવશે કોર્ટના હુકમોની નકલો, કેસ સંબધીત તમામ કાગળો તેને મફત પુરા પાડવામાં આવશે. પોસ્ટ મોર્ટમ રીપોર્ટ, પોલીસ પેપર્સ, પંચનામું, સાહેદોના જવાબોની નકલો મફત પુરી પાડવામાં આવે છે. જો કેસને લગતા કાગળો અંગ્રેજી, હિન્દી કે પ્રાદેશીક ભાષામાં હોય તો અરજદારની માતૃભાષામાં તેને અનુવાદ કરીને આપવામાં આવે છે.

જયારે માનહાની, અદાલતનો તિરસ્કાર, ખોટા પુરાવા ઉભા કરવા, ચૂંટણી સંબધીત કાર્યવાહીમાં તથા ૫૦ રૂા. કરતા ઓછો દંડ હોય તેવા ગુન્હામાં મફત સહાય આપવામાં આવતી નથી. આ ઉપરાંત નાણાકિય ઉચાપત હોય, એટીએમમાંથી પૈસા ચોરીનો કેસ હોય કે સરકારી સંપત્તિને નુકશાન કરવાનો કેસ બનતો હોય તો આવા કેસોના ગુન્હામાં પણ મફત કાનુની સહાય પુરી પાડવામાં આવતી નથી.

મફત કાનુની સેવા સત્તા મંડળની કચેરીઓ દરેક જીલ્લામાં ઉપલબ્ધ હોય છે તથા જે દરેક જીલ્લાની અદાલતોમાં કાર્યરત છે અથવા જીલ્લા કાનુની સેવા સત્તા મંડળની વેબસાઈડ ઉપરથી પણ સહાય મેળવી શકાય છે.

# હવાને કહી દો, પોતાને પણ, અજમાવી જુએ, બહુ દીવા ઓલવ્યા, એકાદ પ્રગટાવી પણ જુએ...

**WhatsApp ઓફ ધી વીક**

નેહલ ગઢવી

**હું દીવો છું, મારી દુશ્મની તો ફક્ત અંધારાથી છે...**
**હવા તો કારણ વગર મારી વિરુદ્ધમાં છે...**
**હવાને કહી દો, પોતાને પણ, અજમાવી જુએ,**
**બહુ દીવા ઓલવ્યા. એકાદ પ્રગટાવી પણ જુએ...**

દીવાળીનો તહેવાર જ પ્રાગટ્યનો ઉત્સવ છે, નૂતન વર્ષાભિનંદન એટલે જ નાવિન્યનો ઉર્જાસંચાર! પ્રાગટ્ય, નાવિન્ય અને સકારાત્મક સુમેળ એટલે જ દીપોત્સવી. અને આ પ્રાગટ્ય એ વ્યક્તિનું, પ્રતિભાનું, બુદ્ધિશક્તિનું, રોજિંદા જીવનમાં બનતી નાની-નાની ઘટનાઓનું એમ અનેક સ્વરુપે વિસ્તૃત સંદર્ભમાં પાંગરી ઊઠે છે. આપણએ હંમેશા બોલીઓ છીએ કે સમય બદલાયો, વ્યક્તિ બદલાયા, સંબંધો બદલાયા પરંતુ ખરેખર એ બદલાયા નથી પરંતુ તેનું નાવિનીકરણ થયું છે. આજના આ નૂતન પ્રભાતે કોઈ પુસ્તક, કોઈ વ્યક્તિ આપણા અંતરમનના કમાડને ઉઘાડે અને તેને નવી ઉર્જાથી ભરીને તાજગીથી તરબતર કરી દે એ જ અભ્યર્થના સેવીએ ! ઈશા-કુન્દનિકાનું પુસ્તક 'ઝરૂખે દીવા' એક આવું જ પુસ્તક છે :

અનેક વાર એવું બને -

કોઈ પુસ્તક, કોઈ લેખ, કોઈ ગદ્યખંડ, કોઈ કવિતા, કયાંક છૂટાંછવાયાં અવતરણ વાંચતાં સહસા થંભી જવાય, એમાંનો કોઈ વિચાર મનમાં એવો વસી જાય કે એમ થાય, આપણા રોજિંદા જિવાતા જીવનમાં જાણે કયાંક અજવાળું પથરાયું; ગૂંચાયેલા આડાઅવળા માર્ગ પર ચાલતાં હતાં ત્યાં



એક સ્પષ્ટ સુનિશ્ચિત દિશા મળી.

કશુંક ગહન, કશુંક સૂક્ષ્મ સુંદર વિચારતત્વ સામે આવતાં હૃદય રણઝણી ઊઠે. એમ થાય કે આગળ વધવા માટેની કેડી મળી, રસ્તો અંધારો હતો ત્યાં દૂરથી દીવો દેખાયો. આંતરયાત્રામાં કંઈક સહાય મળી, એક નવીન આનંદની પિછાણ થઈ.

આનંદ અને ચિંતનનાં અજવાળાં વેરતાં આવાં વિચારતત્ત્વોનો સંગ્રહ છે : 'ઝરુખે દીવો.'

કેટકેટલાં પુસ્તકો, સામયિકો, લેખો વાચનમાંથી પસાર થયાં છે ! કેટકેટલી જ્ઞાનગંભીર વાણીના મનમાં પડઘા પડ્યા છે!

કશુંક સુંદર જોયું - સાંભળ્યું હોય તો તરત અન્યને તેમાં સહભાગી બનાવવાની ઈચ્છા થાય; મેઘધનુષ દેખાય કે બીજાને બૂમ પાડીને જોવા બોલાવીએ, તેવું જ કંઈક થયું આ સંગૃહિત સાહિત્ય ફરી જોઈ જતાં. એમ થયું કે આમાં તો ખૂણેખાંચરેથી વીણી વીણીને દીવાનાં અજવાળાં ભર્યાં છે; તે પ્રકાશ બધા સમક્ષ ધરવો જોઈએ.

કવિ કાલિદાસના મહાકાવ્ય 'રઘુવંશ'માં ઈન્દુમતીસ્વયંવરનું વર્ણન છે. દરબારમાં, વરણ માટે એકત્રિત થયેલા રાજાઓ પાસેથી ઈન્દુમતી પસાર થાય છે ત્યારે તે કેવી લાગે છે ? જાણે અંધારી રાતમાં એક દીપશિખા સંચરતી હોય !

'ઝરુખે દીવા'માં સંગૃહિત થયેલો એક એક વિચાર તે જાણે દીપશિકા જેવો છે. મનના અંધારા ખૂણાને, જીવનના અંધારપથને તે પ્રકાશિત કરે છે.

દીપશિખા જેવી આ વાણીના પ્રકાશમાં બધાંને સહભાગી બનાવવાની ઈચ્છાથી આ પુસ્તક તૈયાર થયું છે. ઝરૂખામાં મૂકેલા દીવા ઘરને તો અજવાળું આપે, રસ્તા પર પણ અજવાળું વેરે અને અંધારી રાત્રિમાં માર્ગ પર દૂરથી ચાલ્યા આવતા યાત્રીનું પગલાંમાં બળ પૂરે, તેમ આ વચનોએ મારા મનને ઘણું બળ ને અજવાળું આપ્યાં છે. વાંચનારને પણ આપશે એવી શ્રદ્ધા.

નવા વર્ષે આપણે સૌ ભીતરથી ઝળહળીએ અને આવા સુંદર પુસ્તકો અને આ પુસ્તકોનો દહન અભ્યાસ કરી ચૂકેલા અમુક વિદ્વાન વ્યક્તિઓ આપણા જીવનને વધુ ને વધુ પ્રભાવિત કરી શકે અને આપણને એક નવી રાહ ચીંધી શકે તો આવનારું વર્ષ ખરા અર્થમાં મુબારક બની રહે અને આપણું એકબીજાને સાલ મુબારક કહેલું સાર્થક ગણાય !

**Last Seen :**

એક દીવો રાતભર જાગી અને સૂઈ ગયો,
ને સવારે સૂર્યની બસ વાહવાહી થાય છે!

- nehalgadhavi101@gmail.com

# નૂતન વર્ષે નૂતન રીતે જીવીએ

**લાગણીનો મેળો**

રસિક વાળંદ

**હું શોધું તને ગલી ફળિયામાં,**
**તું ખોવાઈ ગઈ સીમલા મનાલીમાં...**
**હું શોધું તને ટમટમતા દીવડામાં,**
**તું ખોવાઈ ગઈ ઝગમગતી રોશનીમાં...**
**હું શોધું તને ફળિયાની રંગોળીમાં,**
**તું ખોવાઈ ગઈ બ્લોક્સની ડિઝાઈનમાં...**
**હું શોધું તને સાકરની મીઠાશમાં,**
**તું ખોવાઈ ગઈ ડ્રાયફ્રૂટ્સની ખારાશમાં...**
**હું તને શોધું મંદિરની પૂજામાં,**
**તું ખોવાઈ ગઈ હોટલના ડિનરમાં...**
**હું શોધું તને ઘુઘરા મગસમાં,**
**તું ખોવાઈ ગઈ મોંઘી મિઠાઈમાં...**
**હું શોધું તને કાર્ડની શુભેચ્છામાં,**
**તું ખોવાઈ ગઈ મોબાઈલના મેસેજમાં...**
**હું તને શોધું સ્વજનોની હૂંફમાં,**
**તું ખોવાઈ ગઈ પાર્ટી પિકનિકમાં...**
**હું શોધું તને ચાંદલિયા-લવિંગીયામાં,**
**તું ખોવાઈ ગઈ આતશબાજીમાં...**
**હું શોધું તને આસોપાલવના તોરણમાં,**
**તું ખોવાઈ ગઈ બંધ દરવાજામાં...**
**હું શોધું તને, દિવાળી તું કયાં ખોવાઈ ગઈ ??**

● ● ●

ચારેક દાયકા પૂર્વે અભાવોની વચ્ચે ઉજવેલી દિવાળી અને આજે સમૃદ્ધિની છોળોમાં ઊછાળતી દિવાળીનો સ્વાદ બદલાયો છે... આજે તો બારેય મહિના દિવાળી જ દિવાળી... એટલે કશું જ નવું લાગતું નથી. નાનપણના એ તહેવારો તો મનની મોસમ બદલી નાખતા.... દિવાળી પૂર્વે નવાં કપડાંને મિષ્ઠાન્નના અભરખા બેચેન કરી મૂકતા... મગફળીનો પાક તૈયાર થઈ ગયો હોય. ખેતરમાં જતા-આવતા ફળિયામાં રેલાઈ આવતી રસોઈની સોડમ લલચાવતી... ખેતરમાં રાતવાસો કરવાની મજાનું તો શું કહેવું ?!! પોતાના જ ખેતરમાં મગફણી વીણવાની અને વેચવાની એમાંથી મળેલાં બે - પાંચ રૂપિયા અમિરાઈનો આનંદ આપતા. દિવાળી ટાણે બજારો ઊભરાતાં... શેઠને ત્યાં દિવાળીનું કરિયાણું લેવા જતી વેળા પગમાં નવું જોમ આવી જાય... ટીકડી... ફદીયા... તારામંડળ... બપોરીયા... ટોટા વગેરે તો શેઠનો કૃપા પ્રસાદ... ધન્યતાનો અનુભવ કરાવી દેતો... વાઘબારસ આજે વાક્બારસ તરીકે સમજાઈ ચૂકી છે... ધનતેરસનું



લક્ષ્મીપૂજન પરિવાર આખો એક વિશિષ્ટભાવથી ડબ્બામાં સંઘરી રાખેલા સિક્કાનું પૂજન કરે... આજે 'શ્રી સુક્ત' બોલાય છે... ચાંદીની સામગ્રીમાં વિશિષ્ટ પૂજા થાય છે... કાળીચૌદસે વઘારેલી ગલકાની ખીચડીની લિજ્જત અને મેંશનું અંજન થતું... સ્મશાનમાં ભૂત-પ્રેતને સાધના જવાની વાત લોકમુખે સાંભળતા... આમ અલબેલો દિવાળીનો દિવસ આવી પહોંચતો... દૂધી, તુંબડા કે કોડિયાના મેરાયા લઈ ઘેર-ઘેર તેલ પૂરવા જતી વખતે ચહેરાનું તેજ એવું તો ખીલી ઊઠતું કે... (?) નવા કપડે નવા વરસને વધાવતાં... એકબીજાને મળતા... ચા-નાસ્તો કરતા... મંદિરે મહાદેવને મળતા... શેઠને બોણી કરાવતા... ગોળ-ધાણા-શ્રીફળનો પ્રસાદ મુઠ્ઠી ભરી લેતા... ગાય-ભેંસનાં શીંગડાં રમજીથી રંગતા... વણજારા કોમ રંગબેરંગી ચીતરામણ કરેલા ગધેડાનું આખું ટોળું ગામ વચાળે દોડાવતું.... સાંજે વડીલો એકબીજાને ઘેર 'સાલમુબારક', 'જયશ્રીકૃષ્ણ' કહેવા નીકળે... હૂંફાળો માહોલ જામે... રાત્રિના નવ વાગ્યા પછી યુવાનો ભેગા મળીને 'ઝાયણી' રમે.... સામસામે સળગતી હવાઈ ટોટા ને કોઠી ફેંકે... ઊગમણી અને આથમણી બાજુની અસરપરસ ફૂરેરે... બોલાવે... દૂર દૂર ખાંચરે બેસી લોકો નિહાળે... આવી હતી અમારી સાત્વિક દિવાળી... દૂર દૂર કમાવા અર્થે ગયેલા સ્વજનો ગામડામાં દિવાળી કરવા આવે ત્યારે ગામ આખું શ્રીમંતાઈથી ઝળહળે...

'તે હિનો દિવસા ગતાઃ...'

દોસ્તો, સમયે કરવટ બદલી છે... તહેવારો-પર્વોના પર્યાય બદલાયા છે. ઊજવવાની - માણવાની રીત બદલાઈ છે... પરંતુ પર્વોનો પોકાર - સંદેશ બદલાયો નથી... ઉત્સવો જ ઉત્સવ જન્માવે છે... ઘરેડબદ્ધ જીવાતા જીવતરને નવું જોમ અર્પે છે !!!

મિત્રો, અમાસની અંધારી રાતના ઝગમગતા દીવડાને નૂતનવર્ષનાં નવપ્રભાતના ચિરંતર બોધને સમજી જીવનને માંજીએ... અજવાળિયે...

દોસ્તો, નવું વર્ષ એટલે વિતાવેલા વરસનું સિંહાવલોકન કરવાનો સુઅવસર. આવનારા વરસ માટે શુભં સંકલ્પ કરી પૂર્ણ કરવાના મનોરથ સેવવાનો અમૂલ્ય અવસર... સૌ ચિરપરિચિત, સગાંવહાલાં, વડીલોને વિનયપૂર્વક વંદન કરી, આશીર્વાદ અને શુભેચ્છાઓ પ્રાપ્ત કરી ઉત્સાહભેર નૂતનકાર્ય આરંભવાનું સોનેરી ટાણું... દર વર્ષે નવું વર્ષ આવે છે... નૂતનવર્ષનાં રવિરશ્મિ આપણાં દ્વાર ખખડાવે છે. આપણે બસ ઊંઘવા માટે જ જન્મ્યા છીએ? મિત્રો, આપણે જાગીએ અને બીજાને જગાડીએ... વીતેલા વર્ષના લેખાં-જોખાં માંડીએ. ગયું વર્ષ કેવી રીતે જીવ્યા...વીતાવ્યું... અફસોસ કે આનંદ ? મઝા આવી કે કંટાળો ? જીવન ઢસરડો કે જિંદાદિલી ? આપણે જીવનમાં કયાં પહોંચવું છે ? કયા માર્ગે ચાલીએ છીએ ? ચાલીએ છીએ એ માર્ગે ધાર્યા મુકામે પહોંચાશે કે માર્ગ બદલવો છે ? નવા માર્ગે જવાથી કયાં વિઘ્નો આવશે એ ટાળવા શું કરવું ? આવું વિચારીને નવી રીતે જીવવા માંડીએ એનું નામ જ નવું વરસ... તારીખિયું બદલાય એમ જીવતરની પદ્ધતિ બદલાય... તારીખિયાના એક એક પાનાં ખરતાં જાય એમ જીવતરના એક-એક દિવસ ઘટતા જાય છે. એનો વિચાર કર્યો છે ખરો ?!

આત્મીયજનો, નૂતન વર્ષે નૂતન રીતે જીવીએ, નવા વિચાર સાથે જીવીએ... નવો રાહ પકડીએ... નૂતન જીવતરનું ભાથું બાંધીએ... નવો દીવડો પેટાવીએ નૂતન પ્રકાશમાં પગરણ માંડી સફળતાના શિખર સર કરીએ...

વ્હાલા વાચક બંધુઓ, દીપમાલિકાના સ્નિગ્ધ પ્રકાશ પછી પ્રગટતા નૂતન વર્ષનાં હૂંફાળાં રવિરશ્મિ આપ સૌના પારિવાસિક અને સામુદાયિક જીવન યજ્ઞમાં સુખ, સમૃદ્ધિ, સુયશ, સામંજસ્ય અને સર્વાંગી વિકાસનો દ્યોતક બને એવી અભ્યર્થના સહ આપ સૌને નૂતન વર્ષાભિનંદન...

**સ્પર્શમણિ :**

દરવાજા પર 'શુભ-લાભ' લખીને કશો જ અર્થ નથી.
વિચાર શુભ રાખો લાભ જ લાભ છે...

● ● ●

મનમાં પવિત્રતા અને પાયામાં નીતિ હશે તો જીવનમાં પરીક્ષા આવશે પ્રોબ્લેમ્સ નહીં...